ગાંધીનગર સમાચાર

ઇન્દ્રોડા સર્કલ-હાંસોલબ્રિજના માર્ગને ચકાચક કરાશે

# મનપા દ્વારા ૫૯ લાખના ખર્ચે કેટલ હાઉસ તૈયાર કરાયુ

## માત્ર ૨૦ દિવસમાં તૈયાર કરાયેલા ઢોરડબ્બામાં પશુઓ માટે પાણી, ઘાસચારા તેમજ પશુદવાખાનાની પણ વ્યવસ્થા




ગાંધીનગર તા ૧૪

શહેરને ઢોરમુક્ત કરવાના અભિયાન અન્વયે કોર્પોરેશન દ્વારા સે-૩૦ ડમ્પીંગ સાઈટ નજીક કેટલ હાઉસ તૈયાર કરી દેવાયુ છે. મેયર તેમજ સીટી એન્જિનિયરની ટીમ એ આજે સ્થળ મુલાકાત લઈ કેટલ હાઉસનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ કેટલ હાઉસ માત્ર ૨૦ દિવસમાં તૈયાર કરવામાં આવ્યુ છે. કેટલ હાઉસમાં ૧ હજાર ઢોર રાખી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ કેટલ હાઉસ તૈયાર કરવા માટે રૂ ૫૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરને ઢોરમુક્ત કરવા માટે કોર્પોરેશન દ્વારા આખરે રખડતા ઢોર પકડી ઢોર ડબ્બામાં કેદ કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ માટે સે-૩૦ સ્થિત ડમ્પીંગ સાઈટ નજીક કેટલ હાઉસ તૈયાર કરવામાં આવ્યુ છે. રૂ ૫૯ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા કેટલ હાઉસમાં પાકો શેડ તૈયાર કરવામાં આવ્યો છે. ૧૨ હજાર ક્ષમતા ધરાવતી પાણીની ટાંકી અને ૨૪ હજાર લીટરની ક્ષમતાના હોજનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. પશુઓ માટે ઘાસચારાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. કેટલ હાઉસમાં આધુનિક પશુ દવાખાનુ તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં ઢોરની શારિરીક તપાસ તેમજ રોગોનુ નિદાન કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દવાખાનામાં દવાઓની વ્યવસ્થા

● અનુસંધાન પાન-૭ પર

# સેન્ટ્રલ વર્જના બ્યુટીફીકેશન સામે ખતરો ક્રોસ રસ્તાને અનુલક્ષી પેવરબ્લોક કરાશે

## અકસ્માત નિવારવા માટે એક ફુટના રોપાઓની વાવણી કરી સેન્ટ્રલ વર્જની ખુબસુરતી જાળવી રાખવા માંગ

ગાંધીનગર તા ૧૪

શહેરના મુખ્ય માર્ગો પર ક્રોસ રસ્તા હોય તેવા સ્થળે સેન્ટ્રલ વર્જમાં હાલ રોપાઓના લીધે વાહનચાલકોને યાગ્ય વિઝન ન મળતુ હાવાના લીધે અકસ્માત થતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા સેન્ટર્લ વર્જના અમુક અંતરમાં પેવર બ્લોક કરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ પેવર બ્લોકની કામગીરીના લીધે રોડનેટવર્કના બ્યુટીફિકેશન સામે ખતરો ઉભો થશે તેવો મત પણ આમ નાગરિકોમાં પ્રવર્તયો છે.

શેહરના મુખ્ય માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જો કે કલરકોડ પ્રમાણે સેન્ટ્રલ વર્જમાં ફુલો નિખારવા માટેની વાત પણ હવા થઈ ગઈ છે. ત્યારે શહેરના મુખ્ય માર્ગો પર ક્રોસ રસ્તા અસ્તિત્વમાં આવ્યા હોય તેવા ઠેકાણે સેન્ટ્રલ વર્જમાં રોપાઓ વધી જતા વાહનચાલકોને યોગ્ય વિઝન મળતુ નથી જેના પરિણામે પૈડા પરની જિન્દગી જોખમી બની છે. જયારે આવા સંજોગોમાં અકસ્માતો પણ થાય છે. આ સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા મુખ્ય માર્ગો પર જયાં ક્રોસ રસ્તા હોય તેવા ઠેકાણે સેન્ટ્રલ વર્જના અમુક ભાગમાં રોપાઓ દુર કરી પેવર બ્લોક કરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી માટે રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે. બીજીતરફ ડિવાઈડર વચ્ચેના ભાગમાં રોપાઓના બદલે પેવર બ્લોક કરવાની કામગીરીથી રોડ બ્યુટીફિકેશ સામે ખતરો મંડરાશે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં વાહનચાલકોને નડતરરૂપ ન થાય તેવા એક ફુટના રોપાઓની વાવણી કરી આ વિસ્તારની રોનક યથાવત રહે તેવુ આયોજન કરવા પણ માંગ ઉઠવા પામી છે. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં રોપાઓનુ ટ્રીમીંગ પણ યોગ્ય સમયે થતુ નથી. જયારે અકસ્માતો અટકાવવા માટે ક્રોસ રસ્તા પણ અગાઉ બંધ કરી દેવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ તે વાત કોરાણે મુકાયા બાદ શહેરમાં માર્ગ સલામતીનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. ત્યારે નવતર આયોજનમાં સેન્ટ્રલ વર્જના બ્યુટીફીકેશનને નજર અંદાજ કરવાની નિતી અપનાવાઈ છે.

# હજુ વરસાદની શક્યતા

## આગામી ૧૭મીથી ૨૩ દરમિયાન વરસાદની આગાહી : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં હજુ કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી ૨૩મી ઓક્ટોબર સુધીમાં ગુજરાતમાં વરસાદની શક્યતા છે.

હમણાં પાછોતરા વરસાદથી ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઉભા કૃષિ મોલને ફાયદો થયો છે. તો કેટલાક કૃષિ મોલને નુકશાન થયુ છે. સૌરાષ્ટ્રના ભાગોમાં સારો વરસાદ થયો છે. ભૌગોલિક બાબતો અને અન્ય બાબતો જોતા ગ્રહો પવન વાહક અને જળદાયક નક્ષત્ર નાડીમાં છે. સૂર્ય તા. ૧૦મી ઓક્ટોબરથી ચિત્રા નક્ષત્રમાં આવેલ છે. સામાન્ય રીતે ચિત્રા નક્ષત્રમાં અકળાવનારો તાપ પડતો હોય છે. હમણા વાદળો જણાય છે. આથી વરસાદ અંગે જોતા ઓક્ટોબર તા. ૧૭થી સૂર્ય તુલા રાશીમાં આવતા દરિયાકિનારે પવનનું જોર રહે. અને દક્ષિણ પૂર્વીય તટીય ભાગોમાં હવાના દબાણો ઉભા થતા વરસાદની શક્યતા રહે. ગુજરાતના દરિયાકિનારે તા. ૧૭થી ૨૧માં પવન રહે. આવતીકાલ તા. ૧૫માં શરદ પૂર્ણિમાના દિવસે ચંદ્ર જો શ્યામ વાદળમાં ઉગતો જણાય અને રાત્રે પણ વાદળો જણાય તો દરિયાઈ ભાગોમાં હવાના દબાણ ઉભા થવાની શક્યતા રહે. ૨૩મી સુધી વરસાદની શક્યતા રહે. ૨૭મીથી ઠંડક જણાય.

# ઈન્દ્રોડા સર્કલ-હાંસોલ બ્રિજના માર્ગને ચકાચક કરાશે

## ડિસેમ્બર સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે : ૧૦ કરોડના ખર્ચે માર્ગના રીસરફેસીંગ ઉપરાંત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૪

ઈન્દ્રોડા સર્કલ થી હાંસોલ બ્રીજના માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯.૯૫ કરોડનો ખર્ચ થશે. માર્ગને ચકાચક બનાવવા માટે રીસરફેસીંગ ઉપરાંત રોડ ફર્નિચરને અનુલક્ષીને પણ જરૂરી કામ હાથ ધરાશે. આગામી જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ સમિટ યોજવામાં આવનાર છે. ત્યારે વી આઈ પી મહાનુભાવોની અવરજવર થી ધમધમતા આ માર્ગનુ ટુંકમાં જ કામ હાથ ધરવામાં આવશે.

શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે . નગરના નવા સેકટરોમાં રસ્તાઓ પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે જુના સેકટરોમાં પણ માર્ગો બદતર હાલતમાં જોવા મળી રહયા છે. શહેરના મુખ્ય ચ માર્ગના નવિનીકરણ માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. રસ્તાના કામોને તબક્કાવાર મંજુરી મળ્યા બાદ કામ હાથ ધરવામાં આવશે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને રાખી ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પણ આખરે તેજ બનાવી દેવાઈ છે. શહેરી રોડનેટવર્ક ઉપરાંત જિલ્લાને જોડતા પણ અનેકવિધ રસ્તાના કામોને મંજુરી આપવામાં આવી રહી છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગાંધીનગર કોબા હાંસોલ માર્ગ પર વી આઈ પી મહાનુભાવોની પણ વિશેષ અવરજવર રહે છે. તંત્ર દ્વારા આ માર્ગને યોગ્ય કરવા માટે રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯ કરોડથી પણ વધુ ખર્ચ થશે. જયારે આગામી દિવાળી પુર્વે કામ શરૂ કરી દેવાશે. જયારે ડિસેમ્બર અંત સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે. વિભાગના ખાતાકીય પ્લાન્ટમાંથી કામ હાથ ધરાશે.

# ગાંધીનગરમાં ઉચ્ચશિક્ષણ સુધારણા માટે યોજાશે વૈશ્વિક ચિંતનસભા

ગાંધીનગર, તા. ૧૪

રાજય સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૧૭માં વાયબ્રન્ટ સમિટ યોજાનાર છે, તેના ભાગ રૂપે પ્રિ-સમિટ ઈવેન્ટ તરીકે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૮-૧૦-૨૦૧૬ના રોજ ''ઈન્ટરનેશનલ કોન્કલેવ ઓન હાયર એજ્યુકેશન''નું આયોજન મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે સવારે ૯ થી સાંજના ૫-૩૦ સુધી કરવામાં આવેલ છે. આ ઈન્ટરનેશનલ કોન્ક્લેવમાં પાર્ટનર કન્ટ્રી તરીકે ઓસ્ટ્રેલિયા અને યુ.કે. જોડાયેલ છે. જયારે પાર્ટનર ઓર્ગેનાઈઝર તરીકે બ્રીટીશ કાઉન્સિલ છે. ઉપરોકત કોન્કલેવનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણમાં ગવર્નન્સ, ઈનોવેશન્સ અને ક્વોલીટી મારફતે હાયર એજ્યુકેશનનો સર્વગ્રાહી ગુણાત્મક બદલાવ કરવાની બાબતે જરૂરી વિચાર વિમર્શ કરવાનો છે.

આ સેમિનારનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉદ્ઘાટન કરશે. તેમજ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર આ સેમિનારમાં હાજર રહીને ગુણવત્તા, શૈક્ષણિક વહીવટ, સંશોધનો માટે માર્ગદર્શન આપશે. નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ આ સેમિનારમાં મુખ્યમહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. શિક્ષણ વિભાગના મંત્રીઓ પણ ઉપરોક્ત સેમિનારમાં હાજર રહેશે. અંદાજે ૨૦૦૦ જેટલા ડેલીગેટ્સ સેમિનારમાં ભાગ લેવાનાં છે, જેમાં વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ, યુનિવર્સિટીઓના પ્રોફેસરો, પીએચડીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા અફઘાનીસ્તાન, ઈથોપિયા, ઘાના, ઈરાક, માલાવી, નેપાલ, ફિલીપીન્સ, સીરિયા, કઝાકિસ્તાન, તાન્ઝાનિયા, યુગાન્ડા, સીડેન, સાઉથ આફ્રિકા, મોરેશિયસ, નાયજીરીયા, ઈન્ડોનેશિયા, રશિયા, મ્યાનમાર, ઉઝબેકિસ્તાન, શ્રીલંકા વગેરે દેશોના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ભાગ લેશે.

# ભાગ્યેશ જહા સી.એમ.ઓ.માં ઓએસડી તરીકે નિમાયા

ગાંધીનગર તા ૧૪

સાહીત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત સનદી અધિકારી ભાગ્યેશ જહાંની મુખ્યમંત્રીના કાર્યાલયમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. ભાગ્યેશ જહા અગાઉ માહીતી કમિશ્નર તરીકે પણ ફરજ બજાવી ચુકયા છે. જયારે સનદી અધિકારી તરીકે પણ તેમણે ફરજ નિષ્ઠા દાખવી ઉમદા કામગીરી કરી છે. સનદી અધિકારી તરીકે નિવૃત થયા બાદ તેમની નિમણુંક સાહીત્ય અકાદમી બોર્ડના અધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી. કવિ હ્રદય ધરાવતા ભાગ્યેશ જહાએ સાહીત્ય ક્ષેત્રે પણ અનેક રચનાઓની ભેટ ધરી છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં ઓ એસ ડી તરીકે તેમને કાર્યભાર સોંપવામાં આવતા શ્રી ભાગ્યેશ જહાની નિમણુંકને અફસરો સહીત સૌ કોઈએ આવકારી છે.

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN
INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141



દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ-ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક
અરિહંત ડ્રાયફ્રુટ્સ
સંપર્ક : હેમાંગ ગાંધી
(ફોન : ૯૩૭૭૭ ૨૩૧૬૪)
૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ(બેઝમેન્ટ),
સે.-૩૦ ચાર રસ્તા, ગાંધીનગર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

મતદારયાદી સુધારણા – ૨૦૧૭
મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની વધુ એક તક
તા.૧૬–૧૦–૨૦૧૬, રવિવારના રોજ ખાસ ઝુંબેશ
મતદાર યાદીમાં નામ નોંધાવવા, કમી કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા શું કરશો?
- તા. ૧-૧-૨૦૧૭ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર (તા. ૩૧-૧૨-૧૯૯૮ કે તે પહેલા જન્મ થયેલ હોય) ધરાવતા નાગરિકનું મતદારયાદીમાં નામ નોંધાવવા માટે નમૂના – ૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના – ૬માં તમારા પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદાર યાદીમાં તમારા નામની સામે તમારો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટે નમૂના – ૭માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા નમૂના – ૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના – ૮(ક)માં અરજી કરવી.
તા. ૧૬-૧૦-૨૦૧૬, રવિવારના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન તમારા વિસ્તારના મતદાન મથકે ફોર્મના નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે પરત આપી શકશો.
ખાસ ઝુંબેશના દિવસ સિવાય પણ તા.૧૭-૧૦-૨૦૧૬ સુધી તમે તમારી અરજી મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાં આપી શકશો.
એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ ગુનો બને છે, આથી જો બે જગ્યાએ નામ હોય તો હાલ જ્યાં રહેતા હોય તે જગ્યાનું નામ ચાલુ રાખી બીજી જગ્યાએ ચાલતું નામ અવશ્ય કમી કરાવો.
તમારી પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદાર યાદીમાં નામ નહી હોય તો તમે મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદાર યાદીમાં તમારૂં નામ ચકાસો.
મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય
chiefelectoralofficergujaratstate
CEOGujarat
ceo.gujarat.gov.in
Toll-Free Helpline Number: 1950 (Time: 11am to 6pm on working days only)
માહિતી/૧૭૭૮/૧૬-૧૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com